# Career Counselling and Development Centre

**SAURASHTRA UNIVERSITY**

104, 1st Floor, Academic Centre, B/h. Central Bank of India.
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

CCDC

Accredited Grade 'A' by NAAC [CGPA 3.05]

*Co-ordinator*
**Dr. Nikesh A. Shah**


Ref. :
Date : 25/04/2016

## પ્રેસનોટ

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરિયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) દ્વારા તા. ૧૨ મે, ૨૦૧૬ થી બિન સચિવાલય કલાર્ક અને ઓફિસ આસીસ્ટન્ટનાં કોચીંગ વર્ગોનું આયોજન... ૨૯૪૯ જગ્યાઓ માટે તાલીમ યોજાશે....મર્યાદિત સંખ્યામાં પ્રવેશ અપાશે.**

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સી.સી.ડી.સી.નાં માધ્યમથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે સતત માર્ગદર્શક કાર્યશાળાઓ અને ૩૦ થી ૩૦૦ કલાકનાં વિવિધ તાલીમવર્ગોનું આયોજન થાય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં આ પ્રકલ્પને કારણે સૌરાષ્ટ્ર વિસ્તારનાં અનેક વિદ્યાર્થીઓની મહેનત, સી.સી.ડી.સી.ના તજજ્ઞોનં સચોટ માર્ગદર્શન, ઉચ્ચ ગુણવતાયુક્ત વાંચનાલયની સુવિધા અને સી.સી.ડી.સી.નાં સ્ટાફની રાઉન્ડ ધી કલોક સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગેની છણાવટનાં કારણે ઉત્તરોઉત્તર વિદ્યાર્થીઓ મારફત સફળતાનાં સીમાચીહ્નોનાં નોંધવાય રહ્યાં છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણના સીધા માર્ગદર્શન હેઠળ "ટીમ સી.સી.ડી.સી." મારફત 'નોનસ્ટોપ' આયોજન થકી છેલ્લા ત્રણ વર્ષમાં અંદાજીત ૫૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ સી.સી.ડી.સી.ના આયોજનોનો લાભ લીધેલ છે. સી.સી.ડી.સી.ના માધ્યમથી રાજ્ય તથા કેન્દ્ર સરકારશ્રીની લગભગ મોટાભાગની પરીક્ષાઓના તાલીમ વર્ગો અને કાર્યશાળાઓનું આયોજન ટોકન દરે નિરંતર આયોજન કરાય છે જેના ફળ સ્વરૂપ ૩૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ છેલ્લા બે વર્ષમાં સફળતા પ્રાપ્ત કરેલ છે તથા ૩૫ જેટલા વિદ્યાર્થીઓએ સરકારી નોકરી પ્રાપ્ત કરેલ છે. હાલ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા Bin Sachivalay Clerk-2522 અને Office Assistant-427 જગ્યાઓ માટે કુલ ૨૯૪૯ ની ભરતી કરવામાં આવનાર છે. ભરતીની જાહેરાતનાં અનુસંધાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સી.સી.ડી.સી. દ્વારા તા. ૧૨ મે ૨૦૧૬ ગુરૂવારથી તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમ વર્ગમાં વિવિધ જગ્યાઓ માટેનાં અભ્યાસક્રમ ગુજરાતનો ઈતિહાસ અને સંસ્કૃતિ, ગુજરાતી વ્યાકરણ, અંગ્રેજી વ્યાકરણ, સામાન્ય વિજ્ઞાન, ક્વોન્ટીટેટીવ એપ્ટીટયુડ, કોમ્પ્યુટર, જાહેર વહીવટ અને ભારતનું સંવિધાન વગેરે વિષયોની સઘન તાલીમ આપવામાં આવનાર છે. ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૧૦-૫-૨૦૧૬ સુધીમાં ૧૦૪, એકેડેમિક સેન્ટર, પ્રથમ માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન ફી સાથે ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા, બિન સચિવાલય અથવા ઓફિસ આસીસ્ટન્ટનું ઓનલાઈન ભરેલ ફોર્મ, ધોરણ ૧૨ની માર્કશીટ અથવા ગ્રેજયુએશન માર્કશીટ, ફોટો આઈ.ડી. પ્રુફ અને લીવીંગ સર્ટીફીકેટ સાથે લાવવાનું રહેશે. આ તાલીમ વર્ગ માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ રૂબરૂ અથવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ પરથી પણ મળી શકશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે. આ તાલીમ વર્ગમાં ૨ બેચ જ કરવાની હોય વહેલા તે પહેલાના ધોરણે જ પ્રવેશ આપવામાં આવશે.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.

આભાર સહ,

for. [signature]

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)